# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

સપ્ટેંબર - ડિસેંબર ૨૦૦૮ વર્ષ ૧ અંક ૨ પૃષ્ઠ ૮ રૂ. ૨/-



નદી કિનારે આવેલા વૃક્ષ નું અમે કેટલાંક દિવસોને અઠવાડિયાથી સૂર્યોદય ના સમયે નિરીક્ષણ કરી રહ્યા હતા. સૂર્ય જ્યારે ક્ષિતિજ પર ધીરે ધીરે વૃક્ષના ઉપરથી ઉપર ચઢતો હોય ત્યારે આ વૃક્ષ અચાનક સોનેરી દેખાવા લાગતું તેના પાંદડે પાંદડા ચૈતન્ય મય થતાં હોય એમ લાગતું અને જેમ જેમ અધિક સમય માટે તમે તે વૃક્ષ જોતા રહો, તે વૃક્ષના નામનું એટલું મહત્વ નથી. તે વૃક્ષ સુંદર છે તે મહત્ત્વનું છે. એક અદ્‌ભૂત અનન્ય એવું વાતાવરણ સંપૂર્ણ ભૂમિ પર નદીના કિનારે ફેલાયેલુ દેખાય છે. અને સૂર્ય જેમ વધારે ઉપર ચઢતો, તેમ તેમ વૃક્ષના પાંદડા ફફડતા લાગતા, નાચતા દેખાતા. અને પ્રત્યેક કલાકે તે વૃક્ષમાં અજબની ગુણવત્તા દેખા દેતી હતી. સૂર્યોદય ના પહેલાં તે વૃક્ષની જગ્યાએ ગંભીર, શાંત, ઘણેદૂર સુધી ઉદાસીનતા લાગતી ને દિવસની શરૂઆત થતા પ્રકાશમાં પ્રજ્વલિત થયેલા તેના પાંદડા ડોલતા નાચતા લાગતા. અને અતિ સુંદર હોવાનો એક વિશિષ્ટ ભાવ તે વૃક્ષ પર દેખાવા લાગતો. મધ્યાહ્ન થતા તે વૃક્ષનો છાંયડો ઘનિષ્ઠ થતો દેખાતો અને તે છાયા માં ઉગ્ર તાપથી બચવા માટે તમે તે છાયડામાં બેસી શકો અને ત્યારે તમને એકલતા નથી લાગતી વૃક્ષ તમારું સોબતી હોય એવું લાગતુ. તમે ત્યાં બેઠા હોય ત્યારે તમને ચિરસ્થાયી સુરક્ષાની અને મુક્તિની જે ફક્ત વૃક્ષને જ પરિચિત હોય એવા સંબધ નો ઉદય થાય છે.

સંધ્યાકાળ થતા જ્યારે પશ્ચિમનું આકાશ, અસ્ત થતા સૂર્યની આભાથી ઝળહળી ઉઠતું ત્યારે તે વૃક્ષને ઉદાસીનતા નો અંધકાર ધીમે ધીમે ઘેરી લેતો. આકાશ લાલ, પીળા અને લીલા રંગે આચ્છાદિત લાગતુ. પરંતુ વૃક્ષ માત્ર શાંત સ્તબ્ધ બની દ્રષ્ટિથી ઓઝલ થઈ વિશ્રાંતિ લેવા લાગતું.

જો તમે તે વૃક્ષની સાથે સંબંધ બાંધી શકો ત્યારે મનુષ્ય સાથે પણ તમારો સંબંધ બંધાય છે. ત્યારે તમે તે વૃક્ષની સાથે તેમજ વિશ્વના બધાજ વૃક્ષો માટે જવાબદાર છો. પણ તમે જો આ પૃથ્વી પર બધીજ જીવંત વસ્તુ સાથે સંબંધ ધરાવતા ના હોવ, તો માનવજાત સાથે તમારો થોડો ઘણો પણ સંબંધ હશે, તે તમે ગુમાવી નાખશો, માનવ માત્ર સાથે, એકાદા વૃક્ષની ખાસિયત પ્રતિ, આપણે કદી પણ ગહનતાથી નિહાળતા નથી. વાસ્તવમાં આપણે તેને કદી પણ સ્પર્શ કર્યો નથી, તેની મજબૂતી કે સખતાઈ, તેની ખરબચડી છાલને પણ આપણે હાથે સ્પર્શ કરતા નથી કે તેને અનુભવતા નથી. વૃક્ષને પણ તેનો એક નાદ હોય છે, તેને આપણે કદી સાંભળ્યો નથી. આ વૃક્ષનો નાદ એટલે તેની ડાળી અને પાંદડામાંથી સરસર કરતી વહેતી હવાનો અવાજ નહીં, સવારના વાયરાથી ફડફડતા તેના પાનનો અવાજ નહીં; પણ તે વૃક્ષનો તેનો પોતાનો નાદ કે જે તેની ડાળીમાં છે તેના મૂળમાં રહેલો શાંત ધ્વનિ. તે નાદને સાંભળવા માટે તમારી પાસે વિલક્ષણ એવી સંવેદનશીલતા હોવી જોઈએ. તે નાદ એટલે વિશ્વમાં ચાલી રહેલો ઘોંઘાટ નહીં, કે મનમાં અખંડિત પણે ચાલતો બકવાસ નહીં, કે મનુષ્ય મનુષ્ય વચ્ચે ચાલી રહલો સંઘર્ષ અને તેના થકી ચાલી રહેલું જંગલીપણાના યુધ્ધનો નાદ નહીં પણ એવો નાદ કે જે વિશ્વના એક ભાગરૂપ છે.

કેટલું બધું અજુગતુ છે કે કુદરત સાથેનો આપણો સંબંધ કેટલો નજીવો છે. પેલા કીટક અને કુદકા મારતો દેડકો, પહાડીમાંથી પોતાના સાથી ને સાદ દેતા ઘુવડનો અવાજ, આપણામાં જીવંત કુદરત પ્રતિ કોઈ સંવેદના હોય એવું લાગતુ નથી. આપણે જો કુદરતની સાથે ગહન સંબંધ બાંધી શકતા હોત તો આપણી ભૂખને સંતોષવા આપણે પ્રાણી માત્રની હત્યા કરતા ન હોત એકાદ કૂતરાનો કે વાંદરાનો, ગિની પીગ નો આપણા ફાયદા માટે કદી પણ સંહાર કર્યો ન હોત તેની ચિરફાડ કરી ન હોત. આપણા જખમ, આપણી શારીરિક ઈજાને સારી કરવા માટે આપણે બીજો કોઈ રસ્તો શોધી શકીએ. પણ મનના જખમ ને સારા કરવા એ તદ્દન જુદી જ બાબત છે. પણ જો તમે કુદરતથી ઢંકાયેલા પહાડ સાથે સંબંધ જોડી શકો તો માનસિક જખમ હળવે હળવે રુઝાઈ જશે.

આ કોઈ ભાવાત્મક કે શૃંગારિક કલ્પના નથી. પણ વાસ્તવિકમાં પૃથ્વી તળ પરની જીવંત અને સંચાર કરતી પ્રત્યેક વસ્તુ સાથે નો સંબંધ છે. મનુષ્યે લાખો વ્હેલ માછલી ને મારી નાખી છે, અને હજી પણ સંહાર ચાલુ જ છે. આપણે તેનો સંહાર કરીને જે કંઈ પ્રાપ્ત કરીએ છીએ તે બીજી કોઈ રીતે પણ મેળવી શકાય. પણ મનુષ્ય ને દેખીતી રીતે સંહાર કરવાની ટેવ પડી ગઈ છે, મનુષ્ય ને ચપળ હરણાંની, નાના હરણાંને અને વિશાળકાય હાથીની કતલ કરવાની આદત પડી ગઈ છે. આપણને એકબીજા ને મારી નાખવાના આનંદની ઘણી મજા આવે છે. બીજા મનષ્યને મારી નાખવાની વૃત્તિ નો અંત આવ્યો નથી મનુષ્યના અસ્તિત્વના ઈતિહાસમાં સંહાર કદી અટક્યો નથી. આપણે કુદરત સાથે પ્રત્યક્ષરીતે, વૃક્ષ સાથે છોડવા સાથે, પુષ્પો સાથે, હરિયાળા ઘાસ સાથે આકાશ માં તેજ ગતિથી દોડતા વાદળો સાથે ગાઢ સંબંધ બાંધીએ, ચોક્કસ પણે સંબંધ બાંધીએ, તો કોઈ પણ માનવીની આપણે હત્યા ન કરીએ. યોજના પૂર્વકનો સંહાર એટલે યુધ્ધ ભલે આપણે અણુંયુધ્ધ જેવા ખાસ પ્રકારના યુધ્ધનો વિરોધ કરીએ પણ કદી કોઈ પણ યુધ્ધ નો સદંતર વિરોધ કરતા નથી કદી પણ આપણે એમ કહેતા નથી કે બીજા મનુષ્યની હત્યા કરવી એ એક પૃથ્વી પરનું મહાન પાપ છે.

*ઓહાય, કેલિફોર્નિયા, ફેબ્રુઆરી ૨૫, ૧૯૮૩ કૃષ્ણમૂર્તિ-ટુ હિમસેલ્ફ.*

## સંપાદકીય

પરસ્પરનો સંબંધ એ આપણા અસ્તિત્વનુ મહત્વનો દર્પણ છે. આ વિશ્વની અંદર વસ્તુ માત્ર કોઈ પણ કારણે એક મેક ની સાથે કોઈ પ્રકારના સંબંધમાં છે. તેના પર સ્થિતિ, અસ્તિત્વ અવલંબિત છે. વિશ્વનો કારભાર તેના આધારે ચાલે છે. સૂર્યનો અન્ય ગ્રહ સાથેનો સંબંધ. સમુદ્ર ની ભરતી ઓટ નો ચંદ્ર સાથે સંબંધ, નદીનો સમુદ્ર અને ડુંગરા સાથેનો સંબંધ, વૃક્ષનો ધરતીની માટી સાથે નો સંબંધ.

આપણે એવા સંબંધની બાબતમાં નથી બોલતા. પ્રાણીના જીવનમાં તે સંબંધ જુદા અર્થમાં છે. પ્રાણી જોડીમાં, સમુહમાં રહે છે. તેમાં સંબંધ છે. તે સંબંધ માં સુરક્ષા અને પ્રજનન વગેરે નો ભાગ છે. તે સંબધોમાં માયા, સંઘર્ષ, કાળજી પણ સમાયેલી છે. તેને આપણે નૈસર્ગિક કે પ્રાણીમાત્ર નો સ્વભાવ કહીએ છીએ.

પરંતુ 'સ્વ'નો ભાવ ધરાવતા મનુષ્યમાં આપણે એ સંબંધ જોઈએ છીએ તેનુ સ્વરૂપ તદ્દન જુદા જ પ્રકારનું છે. પ્રાણીઓના જીવનમાંથી આપણામાં આવેલા તે નિર્દોષ સંબંધના દોરને આપણે જુદો જ વળ આપીએ છીએ. પ્રાણી માત્રમાં તે સંબંધ વાસ્તવિક અને મર્યાદિત સુખ સગવડતા પૂરતો દેખાય છે. મનુષ્યની અંદર તે કૃત્રિમ, પ્રદુષિત અને કલુષિત થતો જાય છે. તેમાં વિચારોનું વર્ચસ્વ રહેલું છે, આથી નિરામય, સ્વાભાવિક સુલભતા અદ્રશ્ય થતી જાય છે.

પરસ્પરના સંબંધ વગર આપણે જીવીજ ના શકીએ પછી ભલે તે સંન્યાસી હોય કે સંસારી હોય, ઉદ્યોગપતિ હોય કે કામદાર હોય, પ્રખર બુધ્ધિમાન હોય કે સર્વસામાન્ય મનુષ્ય હોય સંબંધ એ જીવનનો મૂળભૂત પાયો છે. આ પાયામાં જ્યારે શુધ્ધતા નથી હોતી ત્યારે વ્યક્તિનું જીવન અને પર્યાય અને માનવી જીવન. આ ઢળતા અશુધ્ધ પાયા પર આધારિત હોય છે ત્યારે તે સંબંધ ક્યારે તૂટી જાય એ કહી શકાય નહીં કે તેનો કોઈ ભરોસો નહીં.

કૃષ્ણમૂર્તિ જ્યારે કહે છે કે સંબંધ સુખ પર અવલંબિત છે. ત્યારે આપણા માટે તે ગંભીર પણે તપાસની બાબત બની જાય છે. પતિ-પત્ની, મા-બાપ, બાળકો, ભાઈ બહેન, આ બધા જીવલગ સંબંધમાં પણ ઊંડે ઊંડે સુખની લાલસા છુપાયેલી છે, કિંતુ એ કબુલ કરવું આપણને અઘરું જણાય છે. તેનું મુખ્ય કારણ છે કે આપણે સ્વયંને ઊંડાણથી જોઈ શકતા નથી. અને જ્યારે પ્રયત્ન કરીએ છીએ ત્યારે તે પ્રયત્નને પૂર્ણતા આપતા નથી, તેની પાછળ એક જ કારણ છે, સત્ય હકીકતને જોવાની આપણી માનસિક તૈયારી નથી. એક જ છત્રની નીચે રહેતા મનુષ્ય, એક જ જાતિ અને જમાત ના માણસો, એક જ ધ્યેયથી પ્રેરિત માણસો અરસપરસ સંબંધમાં હોવાના ભ્રમમાં રહે છે. પણ વાસ્તવમાં તે બધા સ્વયંની ઈચ્છા, સુખ, અહંભાવ એની પાછળ જ દોડતા હોય છે. તેમા ખરા સંબંધનો ક્વચિત જ ભાવ હોય છે.

કૃષ્ણમૂર્તિ સ્પષ્ટપણે આ સત્યને બતાવે છે અને પ્રત્યક્ષ પણે આપણને તે નિહાળવા આહવાન કરે છે.

સંબંધ આ શબ્દને આપણે સહજ પણે વાપરીએ છીએ. કૃષ્ણમૂર્તિ ગંભીરતાથી તે સંબંધને આપણા જીવનમાં તેનું મહત્ત્વ બતાવે છે.

તેમણે નિર્દેશ કરેલા પરસ્પરના સંબંધનું સત્ય તેમના વેધક ઉતારામાંથી વાચકોની સમક્ષ આણવાનો પ્રયત્ન આ અંકમાં કર્યો છે.

---

# જીવવું એટલે સંબંધમાં હોવું

પરસ્પરના સંબંધ સિવાય અસ્તિત્વ નથી. જીવવું એટલે સંબંધમાં હોવું... મોટા ભાગના લોકો ને આ વાત લક્ષમાં આવતી નથી. સંસાર એટલે મારો બીજા સાથે નો સંબંધ. પછી તે એક વ્યક્તિ સાથે હોય કે અનેકની સાથે હોય. મારી સમસ્યા એ સંબંધ વિશેની છે. હું જે કંઈ છું તેનુ જ હું પ્રક્ષેપણ કરુ છું જો હું સ્વયંને સમજુ નહીં તો સંપૂર્ણ સંબંધનો ગૂંચવાડો ઊભો થાય છે, અને તે ભ્રમણા વિસ્તરતી જાય છે. એટલે પરસ્પર સંબંધ એ એક વિલક્ષણ ને અગત્ય બાબત છે. તથાકથિત સમુહ સાથે નહીં, કે ટોળા સાથે નહીં પણ મારા કૌટુંબિક વિશ્વમાં, મિત્ર વર્ગમાં ભલે તે ગમે તેટલું નાનું હોય, મારો સંબંધ મારી પત્ની સાથે, મારા બાળકો સાથે મારા પડોશી સાથે, મોટી મોટી સંસ્થા સાથે, લોકોનાં પ્રચંડ સમુહ સાથે મોટી ચળવળો સાથે. આ સર્વથી બનેલા જગતમાં નાના પ્રમાણમાં કાર્ય કરતા ડર લાગે છે. આપણે એક નાના માણસ આપણા નાના પ્રશ્નનું નિરાકરણ કરતા ડરીએ છીએ. આપણે આપણા સ્વયંને કહીએ છીએ ''હું એકલો શું કરી શકું? મારે સામુહિક ચળવળમાં જોડાઈ જવું જોઈએ અને સુધારો કરવો જોઈએ,'' ખરેખર માં સાચી શાંતિ સમુહ માં ઉદ્‌ભવતી નથી. પરંતુ આપણા અંતરમનમાં રહેલા આંતરીક સંબંધને નવી દ્દષ્ટિથી જોવાથી ઉદ્‌ભવે છે. માત્ર ફક્ત તેજ ખરી સુધારણા છે. આમૂલગ્રાહ ક્રાંતિ છે. આપણે નાના સ્તરે શરુઆત કરતા ડર અનુભવીએ છીએ. કારણકે આપણી સમસ્યા ઘણી વિશાળ છે, આપણને લાગે છે કે તેનો ઉકેલ સમૂહમાંજ થઈ શકે, મોટા સંસ્થાનો દ્વારા જ થઈ શકે. સામૂહિક ચળવળથી જ સમસ્યાનો સામનો કરવો જોઈએ. ચોક્કસપણે આપણે નાના સ્તરે જ સમસ્યા છોડવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને તે નાનું સ્તર એટલે તમે અને હું જ્યારે મારા સ્વયંને સમજી લઉં ત્યારે હું તમને પણ સમજવા લાગું છું અને એ સમજમાંથી પ્રેમ ઉદ્‌ભવે છે. પ્રેમ અહીં અનઉપસ્થિત છે. સંબંધમાં પ્રેમની ભાવનાનો અને લાગણીશીલતાનો અભાવ છે. કારણકે આપણા સંબંધમાં મૃદુતા, ઉદારતા ને દયા વગેરેની ઊણપ છે. માટે આપણે સામુહિક ચળવળમાં ભળી જઈ ભાગી છૂટીએ છીએ, જેથી કરી વધુ ને વધુ ભ્રમણા ને ગૂંચવાડા અને દુ:ખ ઊભા થાય છે. જગતને સુધારવાની યોજના પ્લાન થકી આપણા મનને ભરીએ છીએ પણ સમસ્યાના ઉકેલ સમા પ્રેમને આપણે જોતા નથી.

*ધ બુક ઑફ લાઈફ - માર્ચ ૧૯*

# પરીક્ષણ

## ''તમે તમારા જીવન સાથે શું કરી રહ્યા છો?''
## ઉમદા માર્ગદર્શન આપતું પુસ્તક

આ પુસ્તકમાં જીવનલક્ષી જે.કૃષ્ણમૂર્તિના પુસ્તકોમાંથી ઉત્તમ અને મહત્વના અવતરણોનું ઘણીજ કાળજી પૂર્વક સંકલન કરવામા આવ્યું છે ''તમે તમારા જીવન સાથે શું કરી રહ્યા છો?'' મૂળ અંગ્રેજી ભાષામાં તૈયાર કરવામાં આવેલા પુસ્તકનો આ ગુજરાતી ભાષામાં અનુવાદ છે.

મનુષ્ય જીવનને લગતા કેટલાંક પ્રશ્નો કૃષ્ણજીએ આપણ સૌને પૂછ્યા છે. જેમ કે

– **માત્ર કારકિર્દીને લક્ષમાં લીધા વગર, જીવનમાં તમને ખરેખર કઈ બાબતમાં રસછે અને તે તમને કરવી ગમેછે કે નહીં એ તમે જાણવા નથી ઈચ્છતા?**

– આધુનિક જગતમાં જીવવા માટે મહત્ત્વાકાંક્ષા અને હરીફાઈની ખરેખર આવશ્યકતા છે?

– ગરીબાઈ, ભ્રષ્ટાચાર, હિંસા જે માનવ સમાજની સમસ્યા છે તે માટે તમારી શું જવાબદારી છે?

– તમારો તમારા માતાપિતા અને શિક્ષક સાથેનો સંબંધ કેવી રીતનો છે? શરણાગતિનો, વિરોધનો કે સમજણનો?

– તમારે મન લગ્ન અને પ્રેમનો શો અર્થ છે?

– તમે તમારી માનસિક સમસ્યાનો કેવી રીતે સામનો કરો છો? જેમકે કંટાળો, ઈર્ષ્યા, આઘાત લાગવો આનંદ, ભય, દુઃખ વગેરે.

– મનુષ્યના અસ્તિત્વનો હેતુ, મૃત્યુ, ધ્યાન, ધર્મ ને ઈશ્વર વિશે તમારો ખ્યાલ શું છે?

જે કૃષ્ણમૂર્તિ એ આ બધાજ પ્રશ્નોની શોધ ગહનતાપૂર્વક કરી છે, જે મૌલિક અને વિશ્વસનીય છે. ગુરૂ, ઉપદેશક કે નિષ્ણાત બની ને નહીં પણ માનવમિત્ર બની વિશ્વભરમાં ભ્રમણ કરી, મહાવિદ્યાલયમાં જઈ લોકોને વિદ્યાર્થી અને શિક્ષકોને વાર્તાલાપ આપ્યા. આ પુસ્તક માત્ર વિચારોનો સંગ્રહ નથી પણ માનવી માત્ર ના જીવનને સ્પર્શતી ઘણી બાબતો જેમકે આપણી સમસ્યા, હિંસા, દુઃખ, સુખ વગેરે ને સમજવા માટે ઉમદામાર્ગદર્શન કરતુ તે એક સુંદર પુસ્તક છે. ઈ.સ. ૨૦૦૫ ની સાલમાં આ પુસ્તક ની પ્રથમ આવૃત્તિ બહાર પાડવામાં આવી કિંતુ લોકોના પ્રતિસાદ ને માન આપી ઈ.સ.૨૦૦૭ ના ટુકા ગાળા માં બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી

મૂળ અંગ્રેજી પુસ્તકનું નામ 'What Are You Doing With Your Life'?
ગુજરાતી અનુવાદ : તમે તમારા જીવન સાથે શું કરી રહ્યા છો?
પૃષ્ઠ સંખ્યા : ૨૧૬. કિંમત રૂ.૧૨૫/–




## બ્રેલ આવૃત્તિ અને ધ્વનિમુદ્રિત સંસ્કરણ

કૃષ્ણમૂર્તિના પુસ્તકોનું વિશ્વભરની અનેક ભાષામાં ભાષાંતર થયું છે. પણ હજુ સુધી તેમનું શિક્ષણ પુસ્તક દ્વારા પ્રજ્ઞાચક્ષુ સુધી પોંહચ્યું નથી. આ વર્ષે કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશને આ નવા પ્રકલ્પ ને હાથમાં લીધો છે. કૃષ્ણમૂર્તિના પુસ્તકોની બ્રેલલિપીમાં આવૃત્તિ તેમજ તેને આધારિત ચરિત્રાત્મક પુસ્તકો નું ધ્વનિમુદ્રિત સંસ્કરણ (audio books) પ્રકાશિત કરવાનો આ ઉપક્રમ છે. 'નેબ' (National Association for blind) આ સંસ્થાના સહયોગથી આ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

મૂળ અંગ્રેજી પુસ્તકોનો ગુજરાતી, મરાઠી અને હિન્દીમાં અનુવાદ કરવામાં આવ્યો છે, તે પુસ્તકોને બ્રેલ લિપિમાં છાપવામાં આવશે. 'Nab' આ સંસ્થા પાસે બ્રેલ લિપિમાં છાપવા માટે આધુનિક ઉપકરણો ઉપલબ્ધ છે, ભારતમાં આવેલી બીજી અંધજનનોની સંસ્થા સાથે 'NAB' સો સંપર્ક હોવાથી આ પ્રકલ્પનો લાભ બીજી સેંકડો સંસ્થાને પ્રાપ્ત થનાર છે. 'નેબ' સંસ્થામાં આવેલા પુસ્તકાલય પાસે પરવાનગી હોવાને કારણે બીજી અંધશાળામાં ધ્વનીચિત્ર ની આપલે આ સંસ્થા દ્વારા ઘણી સરળતાથી થઈ શકે એમ છે, તે પણ વિનામૂલ્ય કરી શકાશે. આથી ધ્વની ચિત્રના માધ્યમ દ્વારા કૃષ્ણમૂર્તિના શિક્ષણની ઓળખ પ્રજ્ઞાચક્ષુ મિત્રો અને ભાઈઓને થશે.

બીજી પ્રાદેશિક ભાષામાં પણ 'બ્રેલ' આવૃત્તિ કાઢવાનો પ્રયત્ન ચાલુ છે. જૉન્સન એન્ડ જૉન્સન લિ. કંપની દ્વારા આ કાર્યક્રમ માટે આર્થિક સહાય ઉદાર હસ્તે પ્રાપ્ત થઈ છે. માટે આ મહત્ત્વપૂર્ણ કાર્યના પહેલા ટપ્પાની શરૂઆત સરળતાથી થઈ છે.

## સંબંધમાં જ તમારું પ્રફુલ્લન છે

તમે ફક્ત અરસપરસના સંબંધમાં પ્રફુલ્લન પામો છો (વિકસો છો) તમે ફક્ત પ્રેમમાં જ વિકાસ પામો છો, લડાઈ ઝઘડામાં નહીં: પણ આપણા હૃદય કરમાય ગયા છે, આપણે આપણા હૃદયને મનની વસ્તુ થી ભરી રાખીએ છીએ. તેથી આપણે બીજા એ નિર્માણ કરેલી વસ્તુ થી આપણા હૃદય ને ભરવા માટે આધાર રાખીએ છીએ. પ્રેમ એ શોધવાથી મળતો નથી, તમે તે ખરીદી શકો નહીં, તેને માટે તમે તમારી જાતનું બલિદાન આપી ના શકો. જ્યારે હું નું અસ્તિત્વ નથી હોતું તે વખતે પ્રેમ અસ્તિત્વમાં આવે છે; જ્યાં સુધી તમે સંતોષ શોધતા હોય કે છટકબારી શોધતા હોવ, પરસ્પર ના સંબંધમાં જે ગૂંચવાડો છે તેને સમજવાનું નકારતા હોવ ત્યાં સુધી તમે તમારા 'સ્વ ને મહત્વ આપો તો તેથી કરીને તમે પ્રેમ નકારો છો.

*ધ મિરર ઓફ રિલેશનશિપ પૃ ૧૨૧*

# વિચાર પ્રતિમા શા માટે રચે છે?

કૃષ્ણમૂર્તિ : સમજો કે મારી પત્નીએ ગઈ કાલે મને કંઈ કહ્યું કે જરા ઊંચા અવાજમાં બોલી, કે કોઈ અપશબ્દો કહ્યા, કે માની લો કે ખુશી થી બે સારા શબ્દો કહ્યા. વગેરે વગેરે, અને વિચારે તેની એક પ્રતિમા ઘડી કાઢી અને હું આગળ જતા, તે પ્રતિમા પ્રમાણે હું જીવવા લાગ્યો અને તે પણ એજ પ્રમાણે મારી પ્રતિમા સાથે જીવવા લાગે તેથી હું મારી જાતને પૂછું છું વિચાર આમ શા માટે કરે છે.? તરત જ ઉત્તર આપશો નહીં બે મિનિટ થોભો, ને પ્રશ્નમાં ઊંડા ઉતરો, તમારી પાસે કોઈ કલ્પના ના હોય ત્યારે તમે તે કરી શકો. જ્યારે તમે શાબ્દિકપણે નિર્ણય ના કરો કે આ આમ છે કે તે તેમ છે. આમ શાબ્દિક જાળા ન બાંધતા પણ આપણે એની શોધ લેવી જોઈએ કે વિચાર આવું શા માટે કરે છે? વિચાર આ પ્રમાણે કરે છે કારણ કે પ્રતિમા ઘડવામાં તેને સુરક્ષિતતા મળે છે. હું મારી પત્નીની પ્રતિમા માં સુરક્ષિત છું. ક્ષણભર થોભો ફક્ત સાંભળો. મારો દેશ – બરોબર? સુરક્ષિતતા, મારા સમુહ વિષે મેં જે પ્રતિમા ઘડી છે. અથવા મારા રાષ્ટ્ર વિષેની જે પ્રતિમા ઊભારી છે, કે ધાર્મિક સંસ્કારને કારણે મેં નિર્માણ કરેલી પ્રતિમા ભલે પછી તે હિન્દુ કે ખ્રિસ્ત્રી દેવની હોય કે અન્ય કોઈની હોય જ્યારે વિચાર આ પ્રતિમાનું નિર્માણ કરે છે, કારણ કે તેમાં તેને સલામતી દેખાય છે. પછી ભલે તે સલામતી મગજની અસમતુલાને કારણે હોયે, માનસિક શ્રધ્ધા પણ હોય, કોઈ પ્રકારે કોઈ પ્રતિમા હોય. આ બધી એક જ પ્રકારની પ્રક્રિયા છે. તેથી વિચાર સલામતી શોધે છે, એને સલામતી જોઈએ છે, શા માટે?

પ્રશ્નકર્તાઃ મને એમ લાગે છે કે વિચારને પોતાનું અસ્તિત્વ જાળવવું છે. અને વિચાર એ અનિત્ય છે. અને માટે તેને સલામતી જોઈએ છે.

કૃષ્ણમૂર્તિ : ઠીક છે. આગળ વધો સાહેબ જરા વધુ આગળ જાઓ. ત્યા થોભી ના જાઓ. તમે કંઈક કહ્યું, એની શોધ લો તેની સાથે ચાલો, તમને ખાત્રી છે, તમે જે કંઈ કહ્યુ તે વિશે? તેને સિધ્ધાંત બનાવો નહીં. જો તમે નિષ્ઠાથી બોલતા હોય તો નહી તો બીજા કશાનો કંઈ અર્થ નથી.

પ્રશ્ન : સલામતી, સંરક્ષણ અને નિશ્ચિંતતા.

કૃષ્ણઃ એટલે શું? નિશ્ચિંત હોવું, સુરક્ષિત હોવું આ બધાનો અર્થ સંપૂર્ણપણે અભેદ્ય સુરક્ષિતતા. એક મિનિટ, શા માટે? શા માટે વિચારને એની તાકીદ છે? મારી પત્નીની બાબતમાં; એક ઉદાહરણ તરીકે, હું તેની માલિકી ધરાવું છું તે મારી માલિકી ધરાવે છે, વગેરે વગેરે, તેમાં મોટી નિશ્ચિતતા રહેલી છે, ઘણી સુરિક્ષતતા મેં મારી જાતને તેની સાથે એકરૂપ કરી દીધી છે. મને જે કંઈ જોઈએ છે તેની તે પરિતૃપ્તિ કરે છે. અમે એક બીજાની સંમતિથી એક બીજાનું શોષણ કરીએ છીએ. માફ કરજો આવો અજુગતો શબ્દ વાપરવા બદલ. પણ તે હકીકત છે. તેથી હું મારા સ્વયં ને કહું છૅં, કે વિચાર સલામતી શોધે છે. પણ શું પ્રતિમા માં સલામતી છે ખરી? હું મારી પત્નીમાં કે મારી સ્ત્રી મિત્રમાં સલામતી શોધું છું અને તેમના વિશે મેં એક પ્રતિમા તૈયાર કરી છે. અને તે પ્રતિમામાં મારી સલામતી મારે માટે છે. પણ તેતો એક પ્રતિમા છે. તમને સમજાય છે? તે એક શબ્દ છે, સ્મૃતિ છે. જે એટલી ક્ષણભંગૂર છે પણ હું તેને પકડી રાખુ છું.

પ્રશ્નઃ સાહેબ, હું ઝડપથી પસાર થતા કાળ વિશે જાગ્રત છું અને મને ભય લાગે છે કે તેમાંજ અંત થઈ જવાનો છે, તેથી મે ઉભારેલી પ્રતિમામાં નિત્યતા નિહાળું છું.

કૃષ્ણઃ નિત્યતા કશામાં પણ શોધી શકો. તેથી હું તમને પૂછુ છું શા માટે વિચાર તેને શોધે છે? એનું અવલોકન કરો જુઓ. હું પારંપારિક પ્રતિકોમાં, ક્રોસમાં તેમાં હું સલામતી શોધું છું. ક્રોસ, તેનું સંપૂર્ણ બંધારણ આ બધું તેમાં રહેલાં કર્મકાંડ માન્યતા આ બધામાં હું સલામતી શોધું છું શા માટે? અને હું તેને તર્ક પૂર્વક સમજુ છું પણ હું જો ખરેખર સભાન હોઉં તો તર્ક પૂર્વક સમજી શકું કે તે વિચારની જ એક ઉપજ છે. છતાં પણ વિચાર તેને પકડી રાખે છે. શા માટે?

પ્રશ્નઃ સંસ્કાર (માન્યતા)

કૃષ્ણઃ શું તે આપણી માન્યતાનો જ એક ભાગ છે? બાળપણથી પ્રતિમા પર વિશ્વાસ રાખવોનો સંસ્કાર નો ભાગ છે. રામ, કૃષ્ણ કે ખ્રિસ્ત શા માટે? વિચાર તેમાં સલામતી જુએ છે. તેમ છતાં જ્યારે વિચાર તેને નિહાળે છે. અને કહે છે અરે ભગવાન! ત્યાં કંઈ પણ સલામતી જેવું નથી. એતો એક કલ્પના છે કે વિચારે જેને એકત્રિત કરી છે તેથી વિચાર જે પ્રતિમાને વળગી રહે છે. તે આપણી મુર્ખતા નો કળશ છે. હું જાણુ છું કે તે ધોકાદાયક છે, છતાં પણ હું તેને પકડી રાખું છું. તમને આમાં રહેલી મુર્ખતા દેખાય છે?

પ્રશ્નઃ હા – હું તે નિહાળુ છું

કૃષ્ણઃ ના! એક ક્ષણ થોભો. શું ખરેખરમાં તમે તે મુર્ખતાને નિહાળો છો.

પ્રશ્નઃ હા હું નિહાળુ છું

કૃષ્ણઃ તો પછી ત્યાંજ તેનો અંત છે. પછી તમે પ્રતિમાનું સર્જન કરશો નહીં. પણ થોભો. જો મારી પત્ની મને મૂર્ખ કહે તો તેની પ્રતિમા ઘડ્યા વગર હું તે સાંભળી શકીશ કે? કે જૂની પરંપરા, ટેવ ને બધતા પ્રમાણે પ્રતિમા ઉભારવાની પ્રતિક્રિયા? તમને આ બધુ સમજાય છે? તેણી મને મૂર્ખ કહે છે. પણ ત્યાં કોઈ પણ પ્રતિમાનું ઘડતર નથી. શું તેમ કરવું શક્ય છે? અને કદાચ તે મારા વખાણ કરે તે બધું એક જ સિક્કાની બે બાજુ જેવું છે શું આપણે એમાં જરા ઊંડા જઈશું એટલે કે, મારી પત્ની મને મૂર્ખ કહે છે, કારણ કે મેં તેને કંઈ કહ્યું છે કે કંઈ કર્યુ છે, જે તેને ગમતું નથી – વિચાર સંસ્કારબંધ છે એને તેથી ત્વરિત પ્રતિસાદ કરે છે એટલે પ્રતિમા ઘડે છે. હુંકંઈ મૂર્ખ નથી. ત્યારે ત્યાં પ્રતિમા છે. હવે હું તેને સાંભળી શકું કૃપા કરી શોધી કાઢો. શું કોઈ પણ પ્રતિક્રિયા વગર તેને હું સાંભળી શકું? કે જ્યારે તે કહે અરે પ્રિયતમ તમેતો અદ્‌ભૂત છો. જે એક બીજી પ્રતિમા છે? શું એને હું સાંભળી શકું બન્ને અવસ્થામાં, જ્યારે તે મને મૂર્ખ કહે અને જ્યારે મને અદ્‌ભૂત છો એમ કહે. મનમાં કશાનો સંગ્રહ ન કરતા તેની નોંધ ન લેતા? તમે મારો પ્રશ્ન સમજ્યા? એ ઘણું જ અગત્યનું છે. કંઈ સમજાયું? મગજની રચના નોંધ લેવાનું કાર્ય કરે છે બરોબર? તે નોંધ લે છે અને એ એટલું સંસ્કારબંધ છે કે મૂર્ખ શબ્દની તરત જ નોંધ લે છે. અથવા તેણી જ્યારે અદ્‌ભૂત માણસ છો. હું અદ્‌ભૂત માણસ છું એ પણ મગજમાં નોંધાય છે. હવે શું એવું શક્ય છે કે તે મને મૂર્ખ કહે કે અદ્‌ભૂત કહે પણ મગજ તેની નોંધ જ ના લે? એનો અર્થ એવો નથી થતો કે હું બેપરવાહ કે બેજવાબદાર છું કે રૂક્ષ બની ગયો છું. હવે માત્ર આપણે એજ કરી શકીએ. કૃપા કરી સાંભળો ફક્ત હું નોંધ ના કરી શકુ અને એજ હું કરી શકું, તેજ શક્ય છે. જ્યારે તે જે કંઈ કહે તેને સંપૂર્ણ સભાનતા પૂર્વક લક્ષ દઈને સાંભળીએ ત્યારે તે મને મૂર્ખ કહે કે હોશિયાર કહે એની મગજ નોંધ લેતું નથી.

તમે કૃપા કરી આ અત્યારે જ કરી જુઓ તમે અત્યારે ત્યાં બેઠા છો, અંહી જ કરો. તમારી પાસે તમારી પત્નીની કે તમારી બહેનપણીની પ્રતિમા છે. કે તમારા મિત્રની. અરે ભગવાન! છોકરી, પુરુષ અને સ્ત્રી એ બોલી બોલીને હું કંટાળી ગયો છું. શું આપણે મરીયે ત્યાં સુધી આમ જ કરતા રહેશું. તો તે એટલીજ મૂર્ખતા છે. હું તમને એ બતાવવા માગુ છું કે પ્રતિમા ઘડવી એ વૈચારિક પ્રક્રિયા છે. વિચારે પ્રતિમા ઘડી છે. તેથી ત્યાં સંઘર્ષ છે. અને એ સંઘર્ષ માં પ્રચંડ ધોકો છે. પછી તે ભારત અને પાકિસ્તાન કે અમેરિકા અને રશિયામાં હોય. ત્યાં પ્રચંડ ધોકો છે કારણ કે લોકો એક બીજા ને જાનથી મારી નાખશે, અને મારે છે. માટે હું પૂછું છું કે આ પ્રતિમા બનાવવનું થંભાવિ શકાય? વિચાર પ્રતિમા શા માટે રચે છે? તેને આ પ્રતિમામાં સલામતી અને સંરક્ષણ મળે છે. અને જ્યારે વિચારને ખબર પડે કે આ કેવી મૂર્ખતા છે. અને તો છતાં વિચાર આવી બાબત ને વળગી રહે ત્યારે તે માનસિક સ્તરે દુર્બળ બને છે.

*ટુ બી હ્યુમન માંથી*

# શિબિર

## કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર - સહ્યાદ્રિમાં યોજાયેલ એક શિબિર નો સંક્ષિપ્ત અહેવાલ



કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિમાં તા ૨૨ થી ૨૭ મી મે ૨૦૦૮ દરમિયાન મરાઠી ભાષામાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું શિબીરનો મુખ્ય વિષય 'પરિવર્તનશીલ ધ્યાન' રાખવામાં આવ્યો હતો લગભગ ૧૫૦ શિબિરાર્થી ઓ સામેલ થયા હતા.

આજના કાળમાં જીવન વિશે ગંભીરપણે વિચાર કરવાની અત્યંત જરૂર છે. અને વિશે એ ગંભીર પણે વિચાર કરતા વિચારવંત લોકો શિબિર માં સહભાગી થયા હતા શિબિર નું ભાષા માધ્યમ મરાઠી હતું છતાં પણ બીન મરાઠી ભાષી લોકો પણ સારા પ્રમાણમાં શિબિર માં સહભાગી હતા.

સર્વસાધારણ પણે શિબિર નો દૈનિક કાર્યક્રમ એવી રીતે ગોઠવવામાં આવ્યો હતો કે સવારમાં યોગાશન, પ્રાણાયામ વગેરેની માહિતી અને સમજ. કાર્યક્રમ ની શરુઆત સવારે ૯-૩૦ થી કરવામાં આવતી કાર્યક્રમ માં કૃષ્ણજીના વ્યાખ્યાનો નો વિડીયો શો, શિબિરના મુખ્ય વિષય ધ્યાનને અનુરૂપ રાખવામાં આવતો, પ્રશ્નોત્તર, બપોર પછી ગ્રુપ ડિસકશનનું આયોજન કર્યુ હતું. અને સંધ્યાકાળે મુક્તપણે લોકો પ્રકૃત્તિ દર્શન કરતા હતાં.

પહેલે દિવસે ડૉ. માધવકૃષ્ણ કોલ્હટકરનું વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતુ વ્યાખ્યાનનો વિષય 'વૈદકીય દ્રષ્ટિકોણને આધારે ધ્યાનની પ્રક્રિયા.'

બીજે દિવસે શ્રી કિશોર ખૈરનાર નું શિબિરના મુખ્ય વિષય 'પરિવર્તનશીલ ધ્યાન' પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. એમણે ઘણી જ સરળ અને મુદ્દાસર રીતે વિષયની છણાવટ અને સમજણ આપી હતી અને મનુષ્યમાં પરિવર્તનની ખાસ જરૂર છે અને પરિવર્તનનો ધ્યાન સાથે નો સંબંધ શું છે એ વાત ઘણી સરળ અને સ્પષ્ટપણે લોકો સામે રજુ કરી હતી. કૃષ્ણજીના વ્યાખ્યાનો નો વિડિયો કાર્યક્રમ અંગ્રેજી ભાષામાં હતો. પરંતુ શ્રી કિશોર ખૈરનાર વ્યાખાનનો ભાવાર્થ અને મુદ્દા મરાઠી ભાષામાં સમજાવીને કહેતા હતા. બપોરની ગ્રુપ ડિસકશન માટે મરાઠી ન જાણતા લોકો માટે અંગ્રેજી ભાષામાં ગ્રુપ ડિસકશનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ત્રીજા દિવસે ડૉ સતીશ ઈનામદારનું વ્યાખ્યાન રાખ્યુ હતુ. તેમનો વ્યાખ્યાન વિષય હતો 'જે. કૃષ્ણમૂર્તિએ નિર્દેશીત કરેલુ ધ્યાન કૃષ્ણમૂર્તિના મતે ધ્યાન એ દૈનિક જીવનથી અલગ પ્રક્રિયા નથી કે અમુક સમય માટે અમુક આશનમાં બેસી કરવાની ક્રિયા નથી કિંતુ દૈનિક જીવનમાં પ્રતિક્ષણે થતી ક્રિયા છે.

ચોથા અને છેવટના દિવસે એક પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. પરિસંવાદ નો વિષય હતો કૃષ્ણમૂર્તિનું શિક્ષણ ખરેખર માં શું છે? કૃષ્ણજીના શિક્ષણનો મુખ્ય હાર્દ એ છે કે ''કોઈ પણ સમસ્યાનો તરતજ નિર્ણય લઈ તેમાંથી છુટકારો મેળવવા નો પ્રયત્ન ન કરતા પણ પ્રશ્નને જો ધ્યાનપૂર્વક સમજો ને નિહાળો.'' એકંદરે શિબિરનું આયોજન ઘણુ વ્યવસ્થિત હતુ. મરાઠી અને બિનમરાઠી લોકો વચ્ચે સારો જેવો સુમેળ સંધાયો હતો. આ શિબિરમાં કૃષ્ણમૂર્તિના શિક્ષણ પર આધારિત મરાઠી અને ગુજરાતી ભાષામાં શરુકરવામાં આવેલી પત્રિકા 'અંરત લહરી અને અંતરમેળ'ના વિમોચન નો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી- અધ્યયન કાર્યશાળા

૧. ૧૦-૧૬ ઑક્ટોબર ૨૦૦૮
Virtue is not imitation Virtue is creative living

૨. ૨-૬ નવેમ્બર ૨૦૦૮
દુખાચા અંત આત્મબોધાને હોતો (મરાઠી માં)

૩. ૨૪-૩૦ ડિસેમ્બર ૨૦૦૮
The Art of Living is to have no fear, nor sorrow.

૪. ૧૨-૧૬ જાન્યુઆરી ૨૦૦૮
To Live with Death requires a great deal of enquiry

સંપર્ક માટે સરનામુ :
સંચાલક, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી
પોસ્ટ - તિવાઈ, હિલ, તાલુકા ખેડ (રાજગુરુનગર),
જિલ્લો-પૂના, પિનઃ ૪૧૦૫૧૩. મહારાષ્ટ્ર
ટેલિફોનઃ (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૬, ૨૮૮૩૪૮
ઈ મેલ : kscskfi@gmail.com
વેબસાઈટ : http://www.kscskfi.com

# જીવન એટલે પરસ્પરના સંબંધમાં જીવવ

પરસ્પરનો સંબંધ એટલે અરીસો જેમાં આપણે જેવા છીએ તેવા સ્વયંને જોઈ શકીએ છીએ. સંપૂર્ણ જીવન એટલે એકબીજાના સંબંધમાં જીવવું. આ પૃથ્વીતટ પર એવી કોઈ પણ જીવંત વસ્તુ નથી જે કોઈને કોઈના સંબંધમાં ના હોય. સન્યાસી સુધ્ધા જ્યારે એકાંત માં એકલો રહેતો હોય તે પણ તેના ભૂતકાળ સાથે જીવતો હોય છે, ને તેની આસપાસના લોકો સાથે સંબંધમાં હોય છે. પરસ્પરના સંબંધમાંથી કદી મુક્તિ નથી. તે સંબંધ કે જે એક અરીસો છે, કે જેમાં આપણે સ્વયંને નિહાળી શકીએ. અને આપણે એ વાતની શોધ લઈ શકીએ કે આપણે કેવા છીએ. આપણી પ્રતિક્રિયા આપણા પૂર્વગ્રહો, પ્રેમ છે કે નહીં, કે પ્રેમ જેવી કોઈ વાત જ નથી એની પણ આપણે શોધ લઈ શકીએ. તેથી સંબંધ વિષેના આ પ્રશ્નને આપણે તપાસી જોવો જોઈએ, કારણ કે પ્રેમનો પાયો છે આપણી પાસે અરસપરસ માં માત્ર તેજ વસ્તુ છે, જો આપણે યોગ્ય સંબંધ પ્રસ્થાપિત કરી શકીએ નહીં. જો તમે તમારી વિચારધારા પ્રમાણે તમારી ખાસ પ્રકારની સંકુચિત જીવન શૈલી, તમારી પત્ની થી કે પતિથી જુદી શૈલી કે અન્ય કોઈ બીજાથી આ રીતે એકાદી જીવનશૈલી આપણા જીવનનાં વિનાશનું કારણ છે.

જીવનમાં સંબંધ એક અનન્ય એવી અગત્યની બાબત છે. જો આપણે તે સંબંધને સમજીએ નહીં તો શક્ય છે કે આપણે નવા સમાજની રચના કરી ન શકીએ. આપણે પરસ્પર સંબંધ એટલે શું એની અત્યંત બારીકાઈથી શોધ લેવાની છે. મનુષ્યે જીવનના આ દીર્ઘ લાંબા અસ્તિત્વમાં કદીજ એવા સંબંધનો અનુભવ કર્યો નથી કે જેમાં જુલ્મ ત્રાસ, માલિકીભાવ, મમત્વ, વિરોધાભાસ ન હોય વગેરે વગેરે, તેમા સ્ત્રી-પુરુષ, અમે અને તે, હું અને તુ નું વિભાજન શા માટે છે. આ નિરીક્ષણ કેવળ બુધ્ધિના સ્તરે કે કેવળ શાબ્દિક હોય તો તેનો ખાસ કોઈ અર્થ નથી, તે તો માત્ર કલ્પનાથી વિશેષ કાંઈ નથી. પણ જો તમે તમારા સંબંધની પ્રક્રિયાને પૂર્ણપણે નિહાળો, તો કદાચ તેની ગહનતા, સુંદરતા અને તેની ગુણવત્તા ને બરોબર સમજી શકો, બરોબર છે? શું આપણે આગળ જઈ શકીએ? આપણે વિચારીએ છીએ અત્યારે આપણા એકબીજાનો શું સંબંધ છે? સૈધ્ધાંતિક રીતે નહીં, સ્વપનશીલ નહીં, આદર્શવાદી નહીં, જે બધું ભ્રામક છે. પણ વાસ્તવમાં ખરેખર માં સ્ત્રી અને પુરુષનો દૈનિક સંબંધ એકબીજા સાથે કેવો છે? શું ખરેખર આપણે સંબંધમાં છીએ? જાતીય આસ્વાદનો આપણો શારીરિક સંબંધ છે. આપણા સંબંધમાં માલિકીભાવ છે. રાગ છે, અને એકબીજા પર અનેક પ્રકારની દખલગીરી કરનારો છે.

રાગ કે આસક્તિ શું છે? આવી પ્રચંડ આસક્તિ હોવી એનું કારણ શું છે? આસક્તિનો અંતર્ગત ધ્વનિ શું છે? એક વ્યક્તિ શામાટે આસક્તિ ધરાવે છે. જ્યારે તમે કશાયની આસક્તિ રાખો છો, ત્યારે તેને ગુમાવવાનો સદાય ભય રહે છે. ત્યાં સદા અસલામતીનો ભાવ રહેલો છે. કૃપા કરી તમે તમારી જાતે જ તે જુઓ. ત્યાં હમેશાં અલગતાનો ભાવ સદાય રહેલો જ છે. હું મારી પત્ની પ્રતિ આસક્તિ ધરાવું છે કારણ કે તે મને જાતિય આનંદ આપે છે, તે સાથી તરીકેનો આનંદ આપે છે. મારા કહેવા વગર પણ તમે આ બધું જાણો છે. તેથી હું મારી પત્ની પ્રત્યે આસક્તિ ધરાવું છેં. એનો અર્થ એ કે હું અદેખો છું, ભયભીત છું. જ્યાં અદેખાઈ છે ત્યાં તિરસ્કાર છે. ત્યારે આવી આસક્તિ એ શું પ્રેમ છે? આપણા સંબંધ માં આ મુદ્દો નોંધ લેવા જેવો છે.

ઉપરાંત, વર્ષો દરમિયાન આપણી વચ્ચેના સંબંધમાં એકબીજા માટે આપણે પ્રતિમા ઊભી કરી છે. સ્ત્રી અને પુરુષે ઊભી કરેલી એક બજાની પ્રતિમા એ હકીકત માં સંબંધ છે. તે ભલે સહશયન કરે, પરંતુ હકીકત એ છે કે સ્ત્રી અને પુરુષે એક બીજાની પ્રતિમા ઘડી કાઢી છે. અને પ્રતિમાઓ વચ્ચેના આ સંબંધમાં અન્ય સાથે સાચો વાસ્તિવિક સંબંધ કેવી રીતે હોઈ શકે? આપણે સહુ એ બાળપણથી આપણી એકબીજાની પ્રતિમા ઘડી છે, પોતાની તેમજ અન્યની. આપણે એક અતિ ગંભીર પ્રશ્ન પુછી રહ્યાં છીએ, કે શું એક મનુષ્ય અરસપરસના સંબંધમાં એક પણ પ્રતિમા ઘડીયા વિના રહી શકે ખરો? એ ચોક્કસ છે કે તમારી બધાની પાસે વક્તાની પણ એક પ્રતિમા છે. શું નથી? સ્પષ્ટ પણે તમે એક છબી ધરાવો છો. શામાટે? તમે વક્તાને જાણતા નથી ખરેખર જાણતા નથી તે વ્યાસપિઠ પર બેસે છે, પ્રવચન કરે છે. પણ તમારો તેની સાથે કશો જ સંબંધ નથી. તમે તેની એક પ્રતિમા ધરાવો છો. તમારી પાસે અનેક પ્રતિમા છે. વેપારી ની, રાજકારણીની, ગુરુની આની કે તેની. એક પણ પ્રતિમા વિના શું મનુષ્ય ગાઢતાથી જીવી શકે? પ્રતિમા એ એક પોતાની પત્ની વિશે ની તારવણી હોઈ શકે એ ચિત્ર સંભોગ વિશેનું હોઈ શકે, તે કોઈ વધારે સારા સંબંધનું હોઈ શકે વગેરે વગેરે મનુષ્ય આ બધી પ્રતિમા શા માટે ધરાવે છે? કૃપા કરી આ પ્રશ્ન તમે પોતાની જાતને પૂછો. જ્યારે તમે બીજાની પ્રતિમા ધરાવો છો ત્યારે તે પ્રતિમા તમને સલામતી ની ભાવના આપે છે.

*માઈન્ડ વિધાઉટ મેઝર પૃ ૭૯-૮૦*

## તમે પ્રેમમાં પડીને પણ, તે સંબંધમાં સ્વામિત્વ કે માલિકીના દાખવતા રહી શકો?

પ્રશ્નકર્તા: સ્ત્રી અને પુરુષ શારીરિક સંબંધ રાખે, સાથે રહે અને તેઓને બાળકો પણ હોય છતાં પણ આવા સંબંધમાં કડવાશ અને ઘર્ષણ સિવાય જીવવું શક્ય છે? બંને બાજુ એ સ્વાતંત્ર્ય હોવું શક્ય છે? અંહી સ્વાતંત્ર્યનો હું એવો અર્થ કરતો નથી કે પતિ કે પત્ની ને કોઈ બીજા સાથે રોજિંદા જીવન માં સંબંધ હોય. સામાન્ય રીતે મનુષ્ય એકબીજાની નજીક આવે અને પ્રેમમાં પડી લગ્ન કરે છે અને તે સંબંધ માં અપેક્ષા, પસંદગી, આનંદ આધિપત્ય માલિકીભાવ હોય છે અને એક પ્રચંડ આવેગ હોય છે. આરીતે પ્રેમમાં હોવાના સ્વરૂપમાં શરૂઆતથી જ ઘર્ષણનું બીજ ઉપસ્થિત હોય છે.

કૃષ્ણમૂર્તી: ખરેખર એમ છે? એવું હોવું એ જરૂરનું છે? મને અહી એક પ્રશ્ન થાય છે કે તમે પ્રેમમાં પડીને તે સંબંધમાં સ્વામિત્વની ભાવના ન રાખતા તમેં રહી શકો? હું કોઈને ચાહું અને તે મને ચાહે અને અમે બંને લગ્ન કરીએ છીએ ત્યારે હું એમ પણ કહી શકું કે અમે બંને એ એકત્ર રહેવાનો વિચાર કર્યો છે. (શબ્દની જાળમાં સપડાશો નહીં) આપણી પાસે બીજી વસ્તુ જે પૂછડીની માફક સદા પીછો કરતી હોય તેના સિવાય આપણી પાસે પહેલી બાબત હોઈ શકે? પ્રેમમાં પડેલી બે વ્યક્તિ જો એટલી પ્રગલ્ભ અને સંવેદનશીલ હોય તો ત્યાં સ્વાતંત્ર્ય હોય છે. અને સંઘર્ષ નિર્માણ કરતા હું નો (કેન્દ્રનો) અભાવ હોય, એવું શું સંભવ નથી? પ્રેમભાવના માં ઘર્ષણ નથી હોતું. પ્રેમના અસ્તિત્વનું હોવું એટલે તદ્દન સંઘર્ષ વિહીન હોવું. ત્યાં શક્તિનો વ્યય છે. ત્યાર પછી ઈર્ષા, માલિકીભાવ, શંકા, અવિશ્વાસ, ભય, પ્રેમ ભંગ થવો, અને સતત પ્રેમની ખાત્રી અને સલામતીની માગણી હોય છે. ખરેખર જેના માટે તમને પ્રેમ છે તેની સાથે શારીરિક સંબંધ રાખીને જીવન જીવવું શક્ય છે. સમાન્ય રીતે જે બને છે એવા ભયના ઓથાર વગર જીવવું શક્ય છે.

*ધ મિરર ઓફ રિલેશન શિપ પૃ ૧૦૩*

## જે. કૃષ્ણમૂર્તિનાં ગુજરાતીમાં અનુવાદિત પુસ્તકોની યાદી

૧. જીવનમીમાંસા ભાગ ૧
૨. જીવનમીમાંસા ભાગ ૨
૩. જીવનમીમાંસા ભાગ ૩
૪. મુક્ત જીવન
૫. વાસરિકા
૬. શાળાઓને પત્રો
૭. અવધાનની જ્યોત
૮. શ્રીલંકામાં પ્રવચનો
૯. જ્ઞાત વિસર્જન
૧૦. શિક્ષણ સંવાદ
૧૧. જીવનની અખંડતા
૧૨. ગરુડનું ઉડ્ડયન
૧૩. ભાવિ જીવન
૧૪. પરંપરા અને ક્રાંતિ
૧૫. તમેજ વિશ્વ છો
૧૬. પ્રજ્ઞાનાં પગરણ
૧૭. હિંસાની પેલે પાર
૧૮. પ્રજ્ઞાનો પંથ
૧૯. તમે તમારા જીવન સાથે
૨૦. શું કરી રહ્યાં છો ?
૨૧. સમયનો અંત
૨૨. અશક્ય પ્રશ્ન
૨૩. આંતરિક પ્રફુલ્લન
૨૪. શિક્ષણ અને જીવનરહસ્ય
૨૫. આપણા અસ્તિત્વનુ સ્વરુપ

## આનંદ વિહાર - કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર બદલાપૂર - અધ્યયન કાર્યશાળા

| | |
|---|---|
| ૧. ૧૧-૧૨ ઑક્ટોબર ૨૦૦૮ | Love & Pleasure |
| ૨. ૮ - ૯ નવેમ્બર ૨૦૦૮ | Fear, Desire |
| ૩. ૧૩-૧૪ ડિસેમ્બર ૨૦૦૮ | Death |
| ૪. ૧૦-૧૧ જાન્યુઆરી ૨૦૦૯ | Be your own Teacher |

આનંદ વિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભીલઘર, બોરાડ પાડા માર્ગ - બદલાપૂર (પ)
તા. થાણા પિન. - ૪૨૧ ૫૦૩. મહારાષ્ટ્ર
ટેલિ. : ૯૮૨૨૩૪૭૪૫૪, (૦૨૨) ૨૫૧૫૩૦૯૪, ૨૪૨૨૩૧૯૯ • ઈ મેલ : zilog@vsnl.com

## આગામી કાર્યક્રમ
## વાર્ષિક સંમેલન

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન તરફથી દર વર્ષે આયોજીત કરવામાં આવતું વાર્ષિક સંમેલન આ વર્ષે ૧૮મી નવેમ્બર થી ૨૨મી નવેમ્બર ૨૦૦૮ આ સમય દરમિયાન કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી માં આયોજીત કરવામાં આવનાર છે. આ સંમેલનનો મુખ્ય વિચાર Man Nature Relationship (મનુષ્યનો કુદરત સાથેનો સંબંધ) જે કોઈ વ્યક્તિને સંમેલનમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેણે નીચેના સરનામે સંપર્ક સાધવો

સંપર્ક માટે સરનામુ : સંચાલક,
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી
પોસ્ટ - તિવાઈ, હિલ
તાલુકા ખેડ (રાજગુરુનગર),જિલ્લો-પૂના
પિન: ૪૧૦૫૧૩. મહારાષ્ટ્ર
ટેલિફોન: (૦૨૧૩૫) ૨૮૮૭૭૨,
૨૮૮૩૪૬, ૨૮૮૩૪૮
ઈ મેલ : kscskfi@gmail.com
વેબસાઈટ : http://www.kscskfi.com

જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ તમામ લોકો સુધી પહોચે એ દૃષ્ટિથી 'કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા' આ સંસ્થા કાર્યરત છે. ફાઉન્ડેશનને ચેન્નયી, ઋષિવેલી, બેંગ્લોર, મુંબઈ, વારાણસી અને સહ્યાદ્રીમાં અધ્યયન કેન્દ્ર, શાળાઓની સ્થાપના કરી છે. ઘણે ઠેકાણે ત્યાંના ગ્રામિણ ભાગમાં સમાજ વિકાસ કેન્દ્રનું સ્થાપન કર્યું છે.

શિક્ષણ, સંશોધન, સાંસ્કૃતિક અને પર્યાવરણના વિષયમાં જુદાજુદા ઉપક્રમ સંસ્થા એ હાથ ધર્યા છે. કૃષ્ણજીના પુસ્તકો અને એ પુસ્તકોના અનુવાદ, ડિવ્હીડી વગેરે સર્વને મળે અને તેના વિતરણનું કાર્ય સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા નું મુખ્ય કાર્યાલય:**
કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
વસંત વિહાર,૧૨૪, ગ્રિનવેજ રોડ, ચેન્નયી -૨૮
દૂરધ્વની : (૦૪૪) ૨૪૯૩ ૭૮૦૩ /૭૫૯૬
ઇમે૯ : kfihq@md2.vsnl.net.in
વેબસાઈટ : www.kflonline.org
ફાઉન્ડેશનની બીજી શાખા અને કાર્યશાળાના વિષયમાં ઉપરોક્ત સરનામા પર સંપર્ક કરવો.

**કૃષ્ણમૂર્તિ ના વિષયમાં કેટલીક વેબસાઈટ :**
http://jkrishnamurti.org
www.kfionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયાનું મુંબઈ કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડીવ્હીડી, ઉપલબ્ધ છે. બાલ આનંદ - બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે એને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કૉલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

સંપર્ક:કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એકઝેક્યુટીવ કમિટી, હિમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ, મુંબઈ-૪૦૦૦૦૬
દૂરધ્વની: ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

'અંતરમેળ' આ વૃતપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રકિામાં પ્રકાશીત કરવા માં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જણાવશો.

## તમે અને હું સમસ્યારૂપ છીએ

જગ તમારાથી અને મારાથી કંઈ જુદું છે એમ નથી; જગત, સમાજ એટલે આપણે, જે એક બીજા સાથે સંબંધ જોડવા માટે પ્રયત્ન કરીએ કે સંબંધ જોડીએ તે જ છે. માટે તમે અને હું સમસ્યારૂપ છીએ. કારણ કે જગત એ આપણી જ પ્રતિકૃતિ છે. તેથી જગતને સમજવા માટે આપણે આપણા સ્વયંને સમજવાની આવશ્યકતા છે. આ જગત આપણાથી ભિન્ન નથી. આપણે જ વિશ્વ છીએ, અને આપણી સમસ્યા એ જગત આખાની સમસ્યા છે.

*ધ બુક ઑફ લાઈફ - માર્ચ ૨૦*

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Translation : Harshad Panchal Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com • Editor : Indira Doctor*